For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

આખરે સુરતના તત્કાલીન કલેક્ટર આયુષ ઓક સસ્પેન્ડ

ડુમસના 2000 કરોડના જમીન કૌભાંડમાં

સમગ્ર મામલો છેક પીએમઓ સુધી ગયો હતો, આ તો લોકસભાની ચૂંટણીની આચાર સંહિતા ઉઠતાં જ સરકારે સપાટો બોલાવ્યો

હવે આ સમગ્ર જમીન કૌભાંડમાં સંકળાયેલા રાજકીય ગોડફાધરોને પણ છાંટા ઉડવાની સંભાવના

ગાંધીનગર,સુરત, : સુરતના ડુમસની અંદાજિત 2.17 લાખ ચો.મી સરકારી જમીન પડતર હોવા છતાં તેમાં ગણોતનું નામ દાખલ કરીને આ 2000 કરોડની જમીન બારોબાર પધરાવી દેવાના આ સમગ્ર કૌભાંડની તપાસ બાદ આજે રાત્રે રાજય સરકારે મહત્વના આદેશમાં સુરતના પૂર્વ કલેકટર અને હાલના વલસાડના કલેકટર એવા આયુષ ઓકને સસ્પેન્ડ કરી દીધા છે. આ સમગ્ર જમીન કૌભાંડ પાછળ રાજકીય માથાઓને પણ હવે કૌભાંડના છાંટા ઉડે તેવી સંભાવના છે. એટલું જ નહીં રાજકિય માથાઓ સાથે સંકળાયેલા બિલ્ડરો પણ વરૂણીમાં આવી જાય તેવી સંભાવના છે. આ જમીન કૌભાંડથી ભાજપના દિલ્હી દરબારમાં હાઈકમાન્ડ પણ નારાજ હોવાનું જણાય છે. એટલું જ નહીં જે રાજકિય ગોડફાધરોએ આ જમીનના બિલ્ડર માટે સુરતના તત્કાલિન કલેકટરને કોણે ભલામણ કરી હતી, તેની પણ તપાસ ચાલી રહી છે.

રાજય સરકારે આ સમગ્ર જમીન કૌભાંડની તપાસ હાથ ધરી હતી. રાજય સરકાર તરફે અપીલ ફાઈલ કરીને કલેકટર આયુષ ઓકે જતાં જતાં જે આદેશ (એનએ મંજૂરીનો) કર્યો હતો તેની સામે 'સ્ટે' મેળવી લીધો છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપને પૂર્ણ સત્તા મળી નથી, એટલે જેવા સીએમ ભૂપેન્દ્ર પટેલ દિલ્હીથી પરત આવ્યા કે તુરંત જ ભ્રષ્ટાચારી અધિકારી પર સખ્તાઈથી પગલાં લેવાય તેવી સંભાવના રહેલી છે. સમગ્ર મામલે લોકસભાની ચૂંટણી દરમ્યાન પીએમઓમાંથી ચીફ સેક્રેટરી રાજકુમાર પર તપાસ કરીને રિપોર્ટ આપવા મેઈલ આવ્યો હતો. તે પછી રાજય સરકારે તપાસ હાથ ધરી હતી. જેમાં પ્રાથમિક તપાસમાં ડુમસની જમીન સરકારી હોવાનો અભિપ્રાય આવ્યો હતો. આજે સાંજે રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગ (જીએડી) ના અંડર સેક્રેટરી જયમીન શાહે સુરતના તત્કાલિન કલેકટર આયુષ ઓકને સસ્પેન્ડ કરતો આદેશ જારી કર્યો હતો. એટલું જ નહીં સસ્પેન્શન સમય દરમ્યાન તેમનું ડિસ્ટ્રીકટ હેડક્વાર્ટર પાટણ રહેશે , તેમ જણાવાયું છે.

કઈ રીતે કૌભાંડ કરાયું હતું? કાયદામાં શું જોગવાઈ છે??

કોંગીના આગેવાનોએ અરજીમાં એવી રજૂઆતકરી છે કે , મોજે. ડુમસની સર્વે નં-311/3વાળી જમીનમાં 1948-49માં સરકારી પડતર જમીન તરીકે બોલતી હતી. તેમાં ગમે તે રીતે ગણોતિયાનું નામ દાખલ કરી દેવાયું છે. કોઈ પણ જાતના આધાર પુરાવા વગર ગણોતિયાનું નામ દાખલ કરવામાં આવ્યું છે. આ જમીનનું ગણોતિયા દ્વારા વખતો વખત વેચાણ પણ કરી દેવાયું છે. જયારે આ જમીનને બિનખેતી કરવા માટે અરજી કરાઈ ત્યારે તેને કલેકટર કક્ષાએ મંજૂરી અપાઈ છે. જયારે અગાઉ આ સમગ્ર મામલો ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો ત્યારે કલેકટર ઓફિસ દ્વારા આ જમીન સરકારી પડતર હોવાનું સોગંદનામુ રજુ કરાયુ હતું એટલું જ નહીં ખોટી રીતે ગણોતિયાનું નામ દાખલ કરાયુ હતું, તેવું પણ એફિડેવિટમાં લખવામાં આવ્યુ હતું. સરકારી પડતર જમીનને ખેડવાથી કોઈ વ્યક્તિ ગણોતિયો ઠરતો નથી, આવી કાયદાની કલમમાં પણ કોઈ જોગવાઈ નથી.

કોંગ્રેસના ધારાસભ્ય તુષાર ચૌધરી અને પ્રદેશ મહામંત્રી દર્શન નાયકે સીટની રચનાની માગ કરી હતી

અગાઉ કોંગ્રેસના ધારાસભ્ય તુષાર ચૌધરી તથા કોંગીના પ્રદેશ મહામંત્રી દર્શન નાયકે સીએમ ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને રજૂઆતકરીને એવી માંગ કરી હતી કે સમગ્ર પ્રકરણની તપાસ કરવા એક સીટની રચના કરવી જોઈએ, આ ઉપરાંત સુરતના તત્કાલિન કલેકટરની સામે તપાસ કરીને તેમને સસ્પેન્ડ કરવા જોઈએ. કોંગી આગેવાનોએ એવી પણ માંગ કરી હતી કે, આ સમગ્ર જમીન કૌભાંડ માટે તત્કાલિકન કલેકટર આયુષ ઓક જ જવાબદાર હોઈ તેમની સામે તપાસ કરીને તેમને પહેલા તો તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવા જોઈએ, જયારે સમગ્ર જમીન કૌભાંડની તપાસ કરવા માટે સ્પે. ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરવી જોઈએ.

કલેક્ટર આયુષ ઓક સસ્પેન્ડ થતાં વલસાડના RACને કલેક્ટરનો ચાર્જ અપાયો

વલસાડ: વલસાડના કલેકટર આયુષ ઓકને આજરોજ સોમવારની સાંજે સસ્પેન્ડ કરાયા છે. તેમના સસ્પેન્ડ થયા બાદ વલસાડ કલેકટર તરીકેનો ચાર્જ વલસાડના આર. એ.સી. એ. આર. જહાને સોંપવામાં આવ્યો છે. વલસાડના કલેકટર સસ્પેન્ડ થવાની આ ઘટના જિલ્લાના ઇતિહાસમાં પ્રથમ વખત બની છે. જેને લઇ સમગ્ર સરકારી આલમમાં ખળભળાટ મચી ગયો છે. તેઓ વલસાડ કલેકટર તરીકેની કામગીરી માટે નહિ પરંતુ સુરતની કામગીરી માટે સસ્પેન્ડ કરાયા છે. વલસાડમાં તેમની 4 મહિનાની કામગીરીમાં કોઈ પણ વિવાદ ઊભો થયો ન હતો. વલસાડમાં તેમની ફરજ દરમિયાન તેમણે વલસાડ લોકસભા બેઠકની ચૂંટણી તેમના નેતૃત્વમાં કોઈ પણ વિવાદ વગર ખૂબ સારી રીતે થઈ હતી.

વાર્ષિક એક લાખ કરોડની આસપાસનું બજેટ ધરાવતા મંત્રાલયની જવાબદારી પાટીલને સોંપાઈ

નમામિ ગંગે...: દેશના જળશક્તિ મંત્રાલયનો હવાલો CR પાટીલના શિરે

સીઆર પાટીલને ટેક્સટાઈલ મંત્રી બનાવવામાં આવે તેવી ચર્ચા હતી પરંતુ મોદીએ તેમને જળશક્તિ મંત્રી બનાવ્યા

2019માં બે મંત્રાલયો ભેગા કરીને જળશક્તિ મંત્રાલય બનાવવામાં આવ્યું હતું

સુરતઃ દેશમાં ત્રીજા ક્રમે વિક્રમી લીડથી જીતેલા નવસારી બેઠકના સાંસદ અને ભાજપના પ્રદેશ પ્રમુખ સુરતના સીઆર પાટીલ મોદી સરકારની ત્રીજી ટર્મમાં જળશક્તિ મંત્રી બન્યા છે. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં મળેલી કેબિનેટની બેઠકમાં સીઆર પાટીલને આ મંત્રાલયની ફાળવણી કરવામાં આવી હતી.

છેલ્લા 38 વર્ષથી ભાજપમાં સક્રિય સીઆર પાટીલ હાલમાં ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ છે. બે વર્ષ પહેલા થયેલી વિધાનસભાની ચૂંટણીમાં સીઆર પાટીલે ભાજપને અપાવેલી વિક્રમી 156 બેઠકની જીતના શિરપાવ તરીકે નરેન્દ્ર મોદી દ્વારા સીઆર પાટીલની કેબિનેટ મંત્રી

...અનુસંધાન પાના ૧૧ પર

કઈ કઈ કામગીરી જળશક્તિ મંત્રાલયની છે??

જળ શક્તિ મંત્રાલય એ ભારત સરકાર હેઠળનું એક મંત્રાલય છે જેની રચના મે 2019 માં મોદીની બીજી ટર્મની સરકારમાં કરવામાં આવી હતી. બે મંત્રાલયોના વિલીનીકરણ દ્વારા આની રચના કરવામાં આવી હતી; આ બે મંત્રાલયોમાં જળ સંસાધન મંત્રાલય, નદી વિકાસ અને ગંગા કાયાકલ્પ (નમામિ ગંગે) અને પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલયનો સમાવેશ કરાયો છે. જળશક્તિ મંત્રાલયનું ગત વર્ષનું બજેટ 97 હજાર

...અનુસંધાન પાના ૧૧ પર

તાપી શુદ્ધિકરણ પ્રોજેક્ટમાં પણ સીઆર પાટીલના મંત્રીપદનો લાભ સુરતને મળશે

દેશની તમામ નદીના વિકાસ કરવા માટેની જવાબદારી કેન્દ્રના જળશક્તિ મંત્રાલયની છે ત્યારે હવે સુરતમાં તાપી નદી શુદ્ધિકરણના પ્રોજેક્ટને પણ વેગ મળે તેવી સંભાવના જોવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, તાપી નદીના શુદ્ધિકરણ માટે છેલ્લા ઘણા વર્ષોથી પ્રયાસો ચાલી રહ્યા છે. હાલમાં આ પ્રોજેક્ટને રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપી દેવામાં આવી છે. સીઆર પાટીલ હવે આ જ વિભાગના મંત્રી થતાં તેનો લાભ સુરતને મળશે.

પાટીલની સાથે વી.સોમન્ના અને રાજભૂષણ નિષાદ રાજ્યકક્ષાના મંત્રી તરીકે રહેશે

પાટીલની સાથે વી. સોમન્ના અને રાજભૂષણ ચૌધરીને જળ શક્તિ મંત્રાલયમાં રાજ્ય મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સોમન્ના રેલવે મંત્રાલયમાં રાજ્ય મંત્રીની ભૂમિકા પણ સંભાળે છે. 73 વર્ષીય ભાજપ નેતા વી. સોમન્ના, જેમણે અગાઉ વિધાનસભાની ચૂંટણીમાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સામે ચૂંટણી લડી હતી, તેઓ હવે પ્રધાન મંત્રી મોદીના નેતૃત્વમાં નવા કેન્દ્રીય મંત્રીમંડળનો ભાગ છે. કોંગ્રેસમાં

...અનુસંધાન પાના ૧૧ પર

જળશક્તિ મંત્રાલયમાં ગંગા નદીના કાયાકલ્પનો પ્રોજેક્ટ છે અને જોગાનુજોગ પાટીલના પત્નીનું નામ પણ ગંગા છે

સીઆર પાટીલના જળશક્તિ મંત્રાલયમાં ગંગા નદીની કાયાકલ્પ કરવાના પ્રોજેક્ટનો પણ સમાવેશ કરાયેલો છે. જ્યારે જોગાનુજોગ સીઆર પાટીલના પત્નીનું નામ પણ ગંગાબેન છે.

ભરૂચ સબજેલમાંથી યુપીનો હત્યાનો આરોપી બહાર ફરવા નીકળ્યો, વિડીયો વાયરલ

કેદીઓની સુવિધા માટે કોઈપણ કામ કરાવ્યું ન હોય એટલે ખોટો વિડીયો બનાવી અમને બદનામ કરવામાં આવે છે: જેલ અધિક્ષક

ભરૂચઃ ભરૂચની સબજેલમાં સબ સલામતના દાવાઓની પોલ ઉઘાડી પાડનારો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ભારે સળવળાટ મચી ગયો છે. અંકલેશ્વરના રોશનીનગરમાં વર્ષ-૨૦૧૯માં ગેરેજ માલિકની નિર્મમ હત્યાના ગુનામાં સબજેલમાં રહેલો આરોપી જેલ સત્તાધીશોની મિલીભગતથી બિનધાસ્ત જેલની બહાર જઈ પરત આવી જતો હોવાના વિડીયોએ જેલ તંત્રની આબરૂના ધજાગરા ઉડાવી દીધા છે. વિડીયોમાં દેખાતો આરોપી ઉત્તરપ્રદેશના ફતેપુરના સનગાવનો રહેવાસી સાહબાન અસરૂલ ઉર્ફે

...અનુસંધાન પાના ૧૧ પર

ઇલેક્ટ્રિકના કામે બહાર કાઢવામાં આવ્યો હતો: જેલ અધિક્ષક રાઠોડ

ભરૂચ સબજેલના અધિક્ષક એન.પી.રાઠોડે જણાવ્યું હતું કે, આરોપી અને હવાલદાર બાઈકસવાર સાથે શંકાસ્પદ વ્યવહાર, આરોપી, બાઈકસવાર, ઇલેક્ટ્રિકના કામે બહાર કાઢવામાં આવ્યો હોવાનો જે આરોપીનો વિડીયો વાયરલ થયો છે એ એક મહિના જૂનો છે. કેદી પાસેથી અમે

...અનુસંધાન પાના ૧૧ પર

માંડવીમાં 1 અને બારડોલીમાં 5 મીમી સાથે જિલ્લામાં છૂટાછવાયા ઝાપટા

દક્ષિણ ગુજરાતમાં 24થી 48 કલાકમાં જ ચોમાસાની એન્ટ્રી થશે

મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ઘટાડો, અનુક્રમે 35 અને 26.8 ડિગ્રી નોંધાયું

સુરતઃ દક્ષિણ ગુજરાતમાં બે દિવસથી વાદળછાયા વાતાવરણ વચ્ચે ઉકળાટ વધી છે. સાથે જ આજે તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. બીજી બાજૂ માંડવીમાં 1 મીમી અને બારડોલીમાં 5 મીમી વરસાદ નોંધાયો છે. શહેરમાં પણ છુટાછવાયા ઝાપટા નોંધાયા છે.

હવામાન વિભાગે ચોમાસાને લઈને આગાહી કરી છે અને એ મુજબ હવે ચોમાસાની એન્ટ્રીને લઈ સમાચાર આપ્યા છે. દક્ષિણ ગુજરાતમાં બે દિવસથી છુટાછવાયા વિસ્તારમાં વરસાદ નોંધાયો છે. જિલ્લામાં માંડવી અને ઉમરપાડામાં સતત વરસાદ

...અનુસંધાન પાના ૧૧ પર

ડોલવણમાં 3.54 ઈંચ વરસાદ, સોનગઢમાં વાવાઝોડા અને વરસાદથી 30 ઘરને નુકસાન

વ્યારા ટાઉનમાં વીજળી વારંવાર ડૂલ થતાં અંધારપટ, લોકોએ મુશ્કેલી વેઠવી પડી

વ્યારાઃ તાપી જિલ્લામાં રવિવારે તા.૯/૬/૨૦૨૪ના રોજ વાતાવરણમાં અચાનક પલટો આવતાં અનેક ગ્રામ્ય વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. જાણે ચોમાસું બેઠું હોય તેમ ગ્રામ્ય વિસ્તારમાં વાવાઝોડું સાથે ડોલવણ, વાલોડ અને વ્યારામાં ભારે વરસાદ ખાબક્યો હતો. સોનગઢના છેવાડાના સેરૂલા ગામથી ખેરવાડા જતા રોડ ઉપર આવતા શેરૂલા, જૂની બાવલી, લીંબી, સરજાંબલી, નીંદવાડા, જુનાઈ, ભટવાડા, ખેરવાડા

...અનુસંધાન પાના ૧૧ પર

તાપી જિલ્લામાં ૨૪ કલાકમાં ક્યાં કેટલો વરસાદ?

ડોલવણ-	૯૦ મીમી
વાલોડ-	૮૨ મીમી
વ્યારા-	૩૭ મીમી
કુકરમુંડા-	૮ મીમી
સોનગઢ-	૬ મીમી

અઠવા લાઈન્સ પોલીસે ઝડપેલા

એમડી ડ્રગના આરોપીના રિમાન્ડ પૂરા થયા ત્યારે ખબર પડી કે તે જુવેનાઈલ છે

કોર્ટે રિમાન્ડ પૂર્ણ થયા બાદ જુવેનાઈલ હોમ મોકલવાનો હુકમ કર્યો

સુરતઃ અઠવા લાઈન્સ પોલીસે 11 દિવસ પહેલા નાનપુરા વિસ્તારમાંથી બે યુવકોને 100 ગ્રામ એમડી ડ્રગ સાથે ઝડપી પાડ્યા હતા. પોલીસે બંનેને કોર્ટમાં રજુ કરીને 10 દિવસના રિમાન્ડ પણ મેળવી લીધા હતા. ત્યારબાદ ખબર પડી કે બે પૈકી એક આરોપી જુવેનાઈલ છે.

કેસની વિગત એવી છે કે અઠવા લાઈન્સ પોલીસે 11 દિવસ પહેલા નાનપુરામાં કદમપલ્લી ભવન પાસેથી બે યુવકોને 10 લાખ રૂપિયાની કિંમતના 100 ગ્રામ એમડી ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યા હતા. ડ્રગ્સ સપ્લાય કરનાર આરોપી જિતેન્દ્ર મિશ્રાને વાન્ટેડ જાહેર કર્યો છે. પોલીસે બંને આરોપીઓને કોર્ટમાં રજુ કરીને 10 દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. તે સમયે એક આરોપીની ઉંમર 18 વર્ષ અને 3 મહિના બતાવવામાં આવી હતી. આજ રોજ રિમાન્ડનો સમય પુર્ણ થતા પોલીસે બંને આરોપીઓને કોર્ટમાં રજુ કર્યા હતા. ત્યાંથી આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ લાજપોર જેલ મોકલવાની તૈયારી હતી. તે સમયે એક આરોપીના પિતાએ એડવોકેટ મારફત કોર્ટમાં અરજી કરી હતી કે તેમનો પુત્ર 17 વર્ષનો જ છે. પુરાવા તરીકે કોર્ટમાં સ્કુલનું એલસી, અને ધોરણ 10ની માર્કશીટ રજુ કરી હતી. તેથી તેમના પુત્ર સામે જુવેનાઈલ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવે. પોલીસે જ્યારે આરોપીને પકડ્યો ત્યારે તેની ઉંમર 19 વર્ષ અને 3 મહિના હોવાની નોંધ કરી હતી. આરોપીને કોર્ટમાં રજુ કર્યો ત્યારે તેની ઉંમર 18 વર્ષ 3 મહિના બતાવી હતી.

પોલીસે તપાસ કર્યા વગર સગીરને આરોપી બનાવી કોર્ટમાં રજુ કરીને

...અનુસંધાન પાના ૧૧ પર

સ્મીમેરમાં થાઇગર્લ પ્રકરણમાં ડીન સહિત ત્રણને નોટિસ, રાત સુધીમાં રિપોર્ટ રજૂ કરવા આદેશ

સ્મીમેર મેડિકલ કોલેજની હોસ્ટેલમાં રેસિડન્ટ તબીબ રૂત્વિક દરજીએ થાઇગર્લ બોલાવી હોવાની સ્ટેશન ડાયરીમાં નોંધ

અગાઉ રેગિંગ પ્રકરણે હોસ્ટેલમાંથી સસ્પેન્ડ થયેલા રેસિડન્ટ ડોક્ટરનું જ કારનામું

પહેલા સ્મીમેરમાં યુવતી રશિયન હોવાની વાત હતી જો કે પાછળથી તે થાઇ હોવાનું બહાર આવ્યું હતું

સુરત : સુરત મહાનગર પાલિકા સંચાલીત સ્મીમેર હોસ્પિટલ વિવાદોનો પર્યાય બની ગઈ છે. એટલું જ નહીં સ્મીમેર હોસ્પિટલને વારંવાર વિવાદોમાં લાવનારા અન્ય કોઈ નહીં પરંતુ અહીંના કેટલાક રેસિડેન્ટ ડોક્ટરોની જ ભૂમિકાઓ રહે છે. ક્યારેક જૂનિયર સાથે રેગિંગ કરવું, તો ક્યારેક દર્દીઓ સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરવું, એટલું ઓછું હોય ત્યારે અમુક રેસિડેન્ટ ડોક્ટરો સામે દારૂનું સેવન કરવાના પણ આક્ષેપો થયા છે. આ વિવાદો વચ્ચે હવે વધુ એક સંગીન અને ગંભીર પ્રકારના આક્ષેપો ઓર્થોપેડિક વિભાગના રેસિડેન્ટ ડોક્ટર ઋત્વિક દરજી સામે થયા છે. સુરત મનપા સંચાલિત સ્મીમેર મેડિકલ કોલેજમાં રેસિડેન્ટ તબીબો દ્વારા હોસ્ટેલમાં રાતે થાઇગર્લ બોલાવીને રંગરેલીયા મનાવતા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શરૂઆતમાં સ્મીમેરમાં આ વિદેશી યુવતી રશિયન હોવાની વાત

...અનુસંધાન પાના ૧૧ પર

આ તબીબને રાજકીય નેતાઓ બચાવી રહ્યાં છે

સ્મીમેર મેડીકલ કોલેજમાં થાઇગર્લને બોલાવી રંગરેલીયા મનાવવા અને મારપીટ કરવાના કીસ્સામાં ફરી એકવાર અગાઉ વિવાદમાં આવેલો રેસિડન્ટ ડોક્ટર જ હોવાનું બહાર આવ્યું છે. આ ડોક્ટરે અગાઉ જૂનિયર વિદ્યાર્થીઓને અર્ધનગ્ન કરીને દોડાવી રેગિંગ કર્યુ હતું. તેના પણ ફૂટેજ ફરતા થયા હતા. ત્યારે તમામ પુરાવા હોવા છતાં આ તબીબને માત્ર હોસ્ટેલમાંથી અમુક માસ માટે સસ્પેન્ડ કરીને શાસકોએ ભીનું સંકેલી લીધુ હતું. જેની પાછળ એવી ચર્ચા છે કે, રાજકીય નેતાઓ સાથે આ તબીબના મોટુ નામ ધરાવતા પિતાને સબંધો છે. આ વખતે પણ રાજકીય નેતાઓ દ્વારા મોટી સજામાંથી બચાવવા ધમપછાડા ચાલુ થઇ ગયા હોવાની ચર્ચા છે.

થાઈ યુવતીને બોલાવવાના પ્રકરણનો આખો ઘટનાક્રમ

- » મધરાત્રે રેસિડેન્ટ ડોક્ટરે ઓનલાઈન એક દલાલનો નંબર મેળવ્યો હતો.
- » તે દલાલે બીજો નંબર આપ્યો હતો.
- » બીજા દલાલે થાઈ યુવતીનો નંબર આપ્યો હતો.
- » થાઇ યુવતીએ ફોન ઉપર ડોક્ટરને વીઆઇ મોલની પાછળ બોલાવ્યો હતો.
- » ડોક્ટર તેને લેવા માટે બાઇક લઇને ત્યા ગયો હતો.
- » મધરાત્રે 28 વર્ષની થાઇ યુવતીને બાઇક પર તબીબ સ્મીમેરમાં લાવ્યો હતો.
- » ત્રણેક બંને વચ્ચે ઝગડો તબીબે તમાચો મારી યુવતીનું ગળું દબાવી દીધું હતું.
- » યુવતી દોડીને સ્મીમેરની પોલીસ ચોકીએ પહોંચી હતી.
- » ત્યાં તેણે આઇ એમ ઇન ડેન્જર જેવી ચીસો પાડી હતી.
- » યુવતીને હોસ્પિટલમાં લઇ ગયા બાદ વરાછા પોલીસ સ્ટેશન લઇ જવાઇ હતી.
- » ડોક્ટર ઋત્વિકને પણ પોલીસ સ્ટેશન બોલાવાયો હતો ત્યાં યુવતીએ ફરિયાદ આપવાની ના પાડી હતી.
- » યુવતીનો જવાબ લઈને તેને જવા દેવામાં આવી હતી.
- » ડોક્ટર વિરૂદ્ધ કોઈ ફરિયાદ ન મળતા તેને પણ જવા દેવામાં આવ્યો હતો.

કમિટીમાં આ સભ્યોનો સમાવેશ કરાયો

(1) ડો.દીપા ગુપ્તા (2) ડો.વિપુલ શ્રીવાસ્તવ (3) ડો.અનુપમા દેસાઈ (4) ડો.એમ.એમ.હક (5) આસિસ્ટન્ટ લો.ઓફિસર રાણે

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹૪૫૦૦/-	₹૩૦૦૦/-	₹૫૨૦૦/-

(+GST EXTRA)

ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

દસમી માસિક શ્રધ્ધાજંલિ

સ્વ. કાંતિભાઈ દયાળભાઈ પટેલ
સ્વ. તા. ૧૧/૦૮/૨૦૨૩

સ્નેહના સાગર સમા હર કોઈને પોતાના ગણી, પોતાના પ્રેમાળ હૈયાથી ઓળખનારા, મુખ પર મધુર સ્મીત, અંતરમાં ઊર્મિ, હૃદયથી ભોળા, સૌમ્ય સ્વભાવવાળા આપના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ. ગં.સ્વ. લીલાબેન કાંતિભાઈ પટેલ

ચંપકભાઈ દયાળભાઈ પટેલ | જશુબેન ચંપકભાઈ પટેલ
છગનભાઈ દયાળભાઈ પટેલ | મધુબેન છગનભાઈ પટેલ
ઘનસુખભાઈ દયાળભાઈ પટેલ | વાસંતીબેન ઘનસુખભાઈ પટેલ
દિનકરભાઈ દયાળભાઈ પટેલ | હેમલતાબેન દિનકરભાઈ પટેલ
બળવંતભાઈ કાંતિભાઈ પટેલ | ઉષાબેન બળવંતભાઈ પટેલ
નેલેશભાઈ કાંતિભાઈ પટેલ | પ્રીતીબેન નેલેશભાઈ પટેલ
જૈમિન-નેહા, ઉમંગ-નિરાલી, તનય, ટીશા-કૃતિક, જશ

સ્થળ : '' દયાળ વિલા '' અંબા માતાજીનાં મંદિરની સામે, ભીમરાડ ગામ, સુરત.

દુઃખદ અવસાન / ઉઠમણું

સ્વ. અરૂણાબેન રમણલાલ સીંગાપુરી
સ્વ. તા. ૧૦/૦૬/૨૦૨૪
સં. ૨૦૮૦ના જેઠ સુદ ચોથ સોમવાર

દિલગીરી સાથે જણાવવાનું કે પ્રકાશચંદ્ર રમણલાલ સીંગાપુરીના બહેન કુ. અરૂણાબેન રમણલાલ સીંગાપુરી સં. ૨૦૮૦ના જેઠ સુદ ચોથને સોમવાર તા. ૧૦/૦૬/૨૦૨૪ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. પ્રભુને ગમ્યું તે ખરું દિવ્ય આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના..

સદ્‌ગતનું ઉઠમણું: તા. ૧૧/૦૬/૨૦૨૪ને મંગળવાર, સમય : સાંજે ૫.૦૦ કલાકે, સ્થળ : : ૨/૧૪૭૧, હનુમાન શેરી, સગરામપુરા, સુરત.

લિ. પ્રકાશચંદ્ર સીંગાપુરી – મો. 99131 82199
પ્રકાશચંદ્ર રમણલાલ સીંગાપુરી (ભાઈ) | જીગ્નેશભાઈ પસંતલાલ રાજપુત (ભાઈ)
દુપદભાઈ ભગવાનદાસ સીંગાપુરી (કાકા) | કુણાલ સુરેશચંદ્ર સીંગાપુરી (ભાઈ)
કિશોરભાઈ ભગવાનદાસ સીંગાપુરી (કાકા) | ધવલ રજનીકાંત સીંગાપુરી (ભાઈ)
સિધ્ધાર્થ પ્રકાશચંદ્ર સીંગાપુરી (ભત્રીજો) તથા સમસ્ત સીંગાપુરી પરિવાર

શ્રદ્ધા સુમન

સ્વ. ધીરજલાલ ત્રિભોવનદાસ લાપસીવાલા
સ્વ. દિ.10/06/2024

જિંદગી કી રાહ ભલે ही કઠિન થી પર
આપકે સાથ સે કુછ ભી નામુમકિન નહીં થા ।
સ્પષ્ટ બોલના, નિડરતા, ધર્મ પરાયણતા એવં હસમુખ ચહેરા યહ થી
આપ કી પહચાન, ઇસી જીવનમંત્ર પર હમ સભી કો હૈ અભિમાન ।
આપકી કમી જીવન ભર ખલેગી પર આપકે
આદર્શોં કી જ્યોત હંમેશા જલતી રહેગી ।
ઇશ્વર આપકી દિવ્ય આત્મા કો શાંતિ પ્રદાન કરેં યહી પ્રાર્થના ।

રૂપમ ડિઝાઈનર સારીજ
રેલન પરિવાર

સુરતી મોટવણિક અવસાન

સ્વ. ધીરજલાલ ત્રિભોવનદાસ લાપસીવાલા

અમારા પુજનીય પિતાશ્રી ધીરજલાલ ત્રિભોવનદાસ લાપસીવાલાનું ધામગમન તારીખ ૧૦/૦૬/૨૦૨૪ ને સોમવારના રોજ થયેલ છે. તેમની સ્મશાન યાત્રા તા.૧૧/૦૬/૨૦૨૪ ના રોજ સવારે ૮ કલાકે અમારા નિવાસ સ્થાનેથી નીકળી કુરૂક્ષેત્ર મુકામે જશે. તેમનું પાથરણું સાંજે ૪ કલાકે બદ્રીનાથ મંદિરે (અડાજણ ગામ) રાખવામાં આવેલ છે. (લૌકિક રિવાજ બંધ છે)

લિ. સ્વ. અ.સૌ સુમનબેન ધીરજલાલ લાપસીવાલા
હિતેશ ધીરજલાલ લાપસીવાલા

નેહા હિતેશ લાપસીવાલા | ડો. વિવેક હિતેશ લાપસીવાલા
ડો. હર્ષ હિતેશ લાપસીવાલા | ડો. પ્રાચી હર્ષ લાપસીવાલા
ગીતા યોગેશ ગોદીવાલા | યોગેશ ગમનલાલ ગોદીવાલા
હિના મનીષ મહેતા | મનીષ શશિકાંત મહેતા
ફેનિલ, ચિરાગ, રાહુલ | ગુરૂજી ગાંધી ચીમનલાલ લાપસીવાલા તથા પરિવાર

સ્થળ : B- ૧૭, પવિત્રા રો-હાઉસ, ગેટ નં.-૧, આનંદમહલ રોડ, અડાજણ, સુરત.